GJVL020001182023

सत्यमेव जयते

***વલસાડ ના મે.અધિક સીનીયર સીવીલ જજ સાહેબ ની કોર્ટ માં, મું. વલસાડ.***

**સ્પેશ્યલ દિવાની મુકદ્દમા નંબર : ૦૧/૨૦૨૩**

**આંક: ૪૮**

*પ્રાપ્તિ તારીખ: ૦૫.૦૧.૨૦૨૩*

*નોંધ્યા તારીખ: ૦૬.૦૧.૨૦૨૩*

*ફેંસલ તારીખ : ૨૧.૧૧.૨૦૨૪*

*વર્ષ: ૦૧ માસ: ૧૦ દિવસ : ૧૫*

વાદીઓ :

**૦૧. રમીલાબેન ઉર્ફે રંજનબેન બાબુલાલ વડીયા તે સ્વ. ગોવિંદજી ભગવાનજી બારોટ ની દિકરી**

ઉ.વ.આ. ૬૧, ધંધો-ખેતી તથા ઘરકામ,
રહેવાસી : સાંઈ મિલન રેસીડન્સી, એ-૪,
ફ્લેટ નંબર : ૨૦૨, બીજો માળ, મુ. પાલનપુર
તા.જી.સુરત.

**૦૨.** રેખાબેન કાંતિલાલ બારોટ તે સ્વ. ગોવિંદજી ભગવાનજી બારોટ ની દિકરી ના વારસ

**૨.૧ ગૌરાંગકુમાર કાંતીલાલ બારોટ**

ઉ.વ.૩૫, ધંધો - નોકરી, રહેવાસી : સ્વસ્તિક વિલા,
ચીચવાળા તળાવ ની બાજુ માં, ચિંચવાડા, તા.જી. વલસાડ

**૦૩. જયાબેન સુરેન્દ્રભાઈ વર્મા તે સ્વ.ગોવિંદજી ભગવાનજી બારોડ ની દિકરી,**

ઉ.વ.આ. ૫૬, ધંધો-ખેતી તથા ઘરકામ,
રહેવાસી : મત્યાવંશી મહોલ્લો, મુ. અમલસાડ, ગણદેવી

તા.જી. નવસારી.

**વિરૂધ્ધ**

પ્રતિવાદી : **નરેશભાઇ ગોવિંદજી પટેલ ઉર્ફે બારોટ**
ઉ.વ.આ.૬૪, ધંધો-ખેતી, રહેવાસી : પેનીન્શ્યુલા પાર્ક,
વાય.કે.નગર, વીવા કોલેજ રોડ, વિરાર વેસ્ટ-૪૦૧૩૦૩
મુંબઇ- મહારાષ્ટ્ર

---

**દાવો : યથાનિર્દિષ્ટ દાદ અધિનિયમ - ૧૯૬૩ ની કલમ-૭, ૩૪, ૩૯ હેઠળ જાહેરાતનો તથા નાણાં ની વસુલાત માટે નો દાવો**

---

વાદીઓ તરફે વિ.વકીલ શ્રી પી.ડી.દેસાઇ
પ્રતિવાદી તરફે એક તરફી કાર્યવાહી

---

***-:: ઠરાવ ::-***

**<u>૦૧.</u>** વાદી ના દાવા ની ટુંક માં હકીકત એવી છે કે વાદીઓ સગી બહેનો થાય છે. પ્રતિવાદી વાદી ના સગા મોટા ભાઇ થાય છે. પક્ષકારો ના પિતા નામે ગોવિંદજી ભગવાનજી બારોટ હતા તથા સ્વ. લક્ષ્મીબેન ગોવિંદજી બારોટ પક્ષકારો ના માતા થાય છે. દાવાવાળી જમીન પક્ષકારો ની માતા લક્ષ્મીબેન ગોવંદજી બારોટ ને ગણોત હકકે મોજે ગામ ફણસવાડા તા.જી. વલસાડ માં આવેલ બ્લોક/સર્વે નંબર : ૭૩૩(જુનો બ્લોક/સર્વે નંબર : ૫૭૧) તથા બ્લોક/સર્વે નંબર : ૬૯૧ વાળી મિલકત કે જે ગણોત હકકે મળેલ. સદર જમીન વડોદરા-મુંબઇ એક્ષપ્રેસ વે ના હેતુ માટે સંપાદિત થયેલ હોય તે અંગે વળતર ની રકમ માં વાદીઓ નો ૭૫ ટકા હિસ્સો વસુલ લેવા માટે હાલ નો દાવો કરેલ છે જે રકમ આ કામના પ્રતિવાદીએ ગેરકાયદેસર રીતે અને વાદીઓની સાથે છેતરપિંડી કરી આટોપી પાડેલ છે અને પોતાના ખાતામાં સમગ્ર રકમ જમા લઇ લીધા બાદ બાંહેધરી મુજબ વાદીઓને ચુકવતા નથી અને ચુકવવાની દાનત પણ ધરાવતાં નથી. સરકાર શ્રી દ્વારા રૂા. ૫૩૧૭૦૬૨/- નું વળતર જાહેર કરવામાં આવેલ જે રકમ પ્રતિવાદી એ ગેરકાયદેસર રીતે વાદીઓને ઠગી ને આટોપી પાડેલ છે. સદર રકમ માંથી વાદીઓ નો કુલ ૭૫ ટકા હિસ્સો રૂા. ૩૯૮૭૭૯૬/- થાય છે જે વાદીઓ ને પ્રતિવાદી દ્વારા આપવામાં આવેલ નથી.

વાદીઓ એ પ્રતિવાદી ને સદર રકમ ચુકવવા માટે વહીવટી સરળતા ખાતર સંમતિ આપેલી જેનો દુરઉપયોગ પ્રતિવાદી દ્વારા કરવામાં આવેલ છે. આમ, હાલ નો દાવો દાખલ કરી વાદીઓ એ નીચે મુજબ ની દાદ માંગેલ છે.

**૦૧.** વિષયવાળી મિલકત એટલે કે મોજે. ફણસવાડા, તા.જી.વલસાડ માં આવેલ બ્લોક/સર્વે નંબર : ૬૯૧ અંગે જમીન સંપાદન તથા ઉભા વૃક્ષોના વળતર અંગે સરકાર શ્રી દ્વારા જાહેર કરેલ કુલ વળતર રૂા. ૫૩,૧૭,૦૬૨/- પુરા માંથી અમો વાદીઓ નો ૭૫ ટકા હિસ્સો એટલે કે રૂા. ૩૯૮૭૭૯૬/- પુરા થાય છે તેવું જાહેર કરવા અરજ ગુજારેલ છે. તથા સદર રકમ ૭૫ % ટકા ત્રણેય વાદીઓને સરખે હિસ્સે આ દાવા ના પ્રતિવાદી પાસેથી અપાવવા માટે અરજ ગુજારેલ છે.

**૦૨.** વિષયવાળી મિલકત એટલે કે મોજે.ફણસવાડા, તા.જી. વલસાડ માં આવેલ બ્લોક/સર્વે નંબર : ૬૯૧ અંગે જમીન સંપાદન તથા ઉભા વૃક્ષોના વળતર અંગે સરકાર શ્રી દ્વારા જાહેર કરેલ કુલ વળતર રૂા. ૫૩૧૭૦૬૨/- આ કામના પ્રતિવાદીએ ગેરકાયદેસર રીતે પોતાની પાસે આટોપી પાડેલ હોય અને વાદીઓને અમારો કાયદેસર નો હિસ્સો ૭૫% ટકા ચુકવેલ ન હોય જેથી સદર રકમ ઉપર પ્રતિવાદી ના ખાતામાં રકમ જમા થયાના દિનથી વાદીઓના હિસ્સા ની રકમ ચુકવે તે દિન સુધી, ૧૮ ટકા વાર્ષિક સાદા વ્યાજની રકમ મીનસ્ પ્રોફીટસ્ અથવા નુકશાનીની રકમ તરીકે વાદીઓને પ્રતિવાદી પાસેથી વસુલ અપાવવા અરજ ગુજારેલ છે.

**૦૩.** દાવાનો સંપૂર્ણ ખર્ચ તથા વકીલ ફી રૂા. ૪,૦૦,૦૦૦/- પેટે ની રકમ વાદીઓને પ્રતિવાદી પાસેથી અપાવવા અરજ કરેલ છે.

**<u>૦૨.</u>** હાલ ના દાવા ના કામે પ્રતિવાદી ને આર.પી.એડી થી દાવા નો સમન્સ બજી ગયેલ હોવા છતાં તેઓ જાતે કે તેમના વિ.વકીલ શ્રી મારફત નામદાર કોર્ટ માં હાજર થયેલા ન હોય તેમના વિરૂધ્ધ એક તરફી કાર્યવાહી આગળ ચલાવવાનો નામદાર કોર્ટ દ્વારા હુકમ કરવામાં આવેલ છે.

**<u>૦૩.</u>** વાદીઓ દ્વારા હાલ ના દાવા ના કામે દાવા અરજી ના સમર્થન માં નીચે મુજબ ના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખવામાં આવેલ છે.

## -:: વાદીઓ તરફે મૌખિક પુરાવો ::-

| અનુક્રમ નંબર | સાહેદ નું નામ | આંક |
|---|---|---|
| ૧ | રમીલાબેન ઉર્ફે રંજનબેન બાબુલાલ વડીયા તે સ્વ.ગોવિંદજી ભગવાનજી બારોટ ની દિકરી | ૧૫ |
| ૨ | આનંદકુમાર આર ચૌહાણ | ૨૮ |

## -:: વાદીઓ તરફે દસ્તાવેજી પુરાવો ::-

| અનુક્રમ નંબર | દસ્તાવેજ | આંક |
|---|---|---|
| ૧ | સાહેદ નો નિમણુક પત્ર | ૨૯ |
| ૨ | સંપાદન થયેલ જમીન નો પરિપત્ર | ૩૧ |
| ૩ | વળતર અંગે નોટીશ ની ફોટો કોપી | ૩૨ |
| ૪ | વળતર જમા થયેલ ની અરજી ની ફોટો કોપી | ૩૩ |
| ૫ | જમીન વળતર ચુકવાઇ ગયેલા ની પહોંચ | ૩૪ |
| ૬ | સંપાદન થયેલ જમીન નો કબજો સુપ્રત કર્યા ની કબજા પાવતી | ૩૫ |
| ૭ | જમીન ના સહમાલિકો દ્વારા તેમના ભાઇ ને આપેલ સંમતિ કરાર | ૩૬ |
| ૮ | પ્રતિવાદી ને ઉદ્દેશી ને લેખલ અરજી | ૩૭ |
| ૯ | ઉભેલ વૃક્ષો ના વળતર ની પુરેપુરી રકમ ચુકવાઇ ગયેલ તેની પહોંચ | ૩૮ |
| ૧૦ | ઉભેલ વૃક્ષો નો કબજો હાઇવે ઓથોરીટી ને સુપ્રત કર્યા ની કબજા રસીદ | ૩૯ |
| ૧૧ | ગામ નમુનો ૮-અ | ૪૧ |
| ૧૨ | ગામ નમુનો ૭ | ૪૨ |
| ૧૩ | ગામ નમુનો નંબર ૧૨ | ૪૩ |
| ૧૪ | ગામ નમુનો હકકપત્રક ૬ | ૪૪ |

| | | |
|---|---|---|
| ૧૫ | જમીન સંપાદન ઉતારા ની નકલ | ૪૫ |
| ૧૬ | જમીન સંપાદન રજીસ્ટર ના ઉતારા ની ફોટો કોપી | ૪૬ |
| ૧૭ | નમુનો “ ગ ” | ૪૭ |

પ્રતિવાદીઓ તરફે કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ રાખવામાં આવેલ નથી. વાદીઓ ના વિ.વકીલ શ્રી ની મૌખિક દલીલો સાંભળી.

**<u>૦૪.</u>** હાલ ના દાવા ના કામે અમારા પુરોગામી વિ.જજ રીંકુ સીગ દ્વારા આંક : ૧૪ થી મુદ્દાઓ કાઢવામાં આવેલ જે નીચે મુજબ છે.

**૦૧.** શું વાદીઓ પુરવાર કરે છે કે, મોજે ફણસવાડા, તા.જી.વલસાડ માં આવેલ બ્લોક/સર્વે નંબર : - ૬૯૧ વાળી મિલકત વાદીઓ તથા પ્રતિવાદીની માતાને ગણોત હકકે મળેલ છે ?

**૦૨.** શું વાદીઓ પુરવાર કરે છે કે, મોજે ફણસવાડા, તા.જી.વલસાડ માં આવેલ બ્લોક/સર્વે નંબર : ૬૯૧ વાળી મિલકત સરકાર શ્રી દ્વારા વડોદરા-મુંબઇ-વે ના હેતુ માટે સંપાદિત જાહેર થયેલ છે ?

**૦૩.** શું વાદીઓ પુરવાર કરે છે કે, ઉપરોકત મિલકત સરકાર શ્રી દ્વારા સંપાદિત થતાં સરકાર શ્રી દ્વારા જમીન સંપાદનનું વળતર રૂા. ૪૯,૨૪,૮૦૦/-તથા જમીનમાં ઉભેલા વૃક્ષોની વળતર ની રકમ રૂા. ૩,૯૨,૨૬૨/- જાહેર થયેલ તે કુલ રકમ રૂા. ૫૩૧૭૦૬૨/- પ્રતિવાદીએ ગેરકાયદેસર રીતે વાદીને ઠગીને આટોપી પાડેલ છે ?

**૦૪.** શું વાદીઓ વળતર ની રકમમાં ૭૫ ટકા હિસ્સેદાર થાય છે ?

**૦૫.** શું વાદીઓ પુરવાર કરે છે કે, વાદીઓના વળતર ના ૭૫ ટકા રકમ ઉપર વાદીઓ વ્યાજ મેળવવા હકકદાર છે જો હોય તો કેટલા ટકા વ્યાજ ?

**૦૬.** શું વાદીઓ માંગેલી દાદ મેળવવા હકકદાર છે ?

**૦૭.** શું દાવાને હકુમત નો કોઇ બાધ નડે છે ?

**૦૮.** શું દાવો સમયમર્યાદા માં થયેલ છે ?

૦૯. શું હુકમ ?

ઉપરોકત જણાવેલા મુદ્દાઓ ના નિર્ણયો હવે પછી જણાવેલા કારણો ને આધારે નીચે મુજબ છે.

૦૧. હકારમાં,

૦૨. હકારમાં,

૦૩. હકારમાં,

૦૪. હકારમાં,

૦૫. અશંત : હકારમાં,

૦૬. હકારમાં,

૦૭. નકારમાં,

૦૮. હકારમાં,

૦૯. આખરી હુકમ મુજબ.

## *-:: કારણો ::-*

**<u>૦૫. મુદ્દા નંબર : ૦૧</u> શું વાદીઓ પુરવાર કરે છે કે, મોજે ફણસવાડા, તા.જી.વલસાડ માં આવેલ બ્લોક/સર્વે નંબર : - ૬૯૧ વાળી મિલકત વાદીઓ તથા પ્રતિવાદીની માતાને ગણોત હકકે મળેલ છે ?**

મુદ્દા નંબર : ૦૧ નો જવાબ હકાર માં આપવામાં આવે છે કારણ કે ઉપરોકત હકીકત એ નિરવિર્વાદિત હકીકત છે. કારણ કે આંક : ૩૨ થી સરકાર શ્રી નો ઠરાવ જોવામાં આવે તો વાદગ્રસ્ત જમીન એ સંપાદન માં ગયેલ જમીન છે અને હાલ નો દાવો એ જમીન ની માલિકી નકકી કરવા માટે નો ન હોય તેમજ પ્રતિવાદી તરફે કોઇ જમીન ની માલિકી સંદર્ભે કોઇ તકરાર લેવામાં આવેલ ન હોય દાવાવાળી જમીન એ વાદીઓ ના માતા ની માલિકી ની છે જે હકીકત સ્પષ્ટપણે સાબિત થાય છે. તેમજ સદર જમીન સંપાદન માં પણ ગયેલ છે જે હકીકત રજુ રેકર્ડ ઉપર ના પુરાવાઓ થી પણ સ્પષ્ટપણે સાબિત થાય છે.

મુદ્દા નંબર : ૦૧ નો જવાબ હકાર માં આપવામાં આવે છે કારણ કે હાલ ના દાવા ના કામે રજુ આંક : ૪૭ વાળો દસ્તાવેજ વંચાણે લેવામાં આવે તો તે સબ-રજીસ્ટ્રાર

કચેરી, વલસાડ ખાતે સબ-રજીસ્ટ્રાર સમક્ષ નોંધણી કરવામાં આવેલ લીઝ એગ્રીમેન્ટ છે જે કરાર વંચાણે લેવામાં આવે તો તેમાં પક્ષકાર તરીકે તેજસ જયંતીલાલ શાહ અને જુલી સંજય પંડયા નાઓ વચ્ચે થયેલો કરાર છે. સદર કરાર માં લીઝ ફીઝ અંગેની શરતો જો વંચાણે લેવામાં આવે તો તેમાં પ્રથમ ટેનયોર એટલે કે તા. ૨૫.૦૭.૨૦૧૩ થી તા. ૨૪.૦૭.૨૦૧૬ માસિક લીઝ ફી રૂા. ૬૩૦૦૦/- સર્વિસ ટેક્ષ વગર પ્રતિવાદી નં : ૦૧ થી ૦૩ નાઓએ વાદીઓને ચુકવી આપવાનો રહેશે. બીજી ટેનયોર એટલે કે તા. ૨૫.૦૭.૨૦૧૬ થી તા. ૨૪.૦૭.૨૦૧૯ ના સમયગાળા દરમ્યાન માસિક લીઝ ફી રૂા. ૭૦૫૬૦/- સર્વિસ ટેક્ષ વગર પ્રતિવાદી નં : ૦૧ થી ૦૩ નાઓએ વાદીઓ ને ચુકવી આપવાનો રહેશે. થર્ડ ટેનયોર એટલે કે તા. ૨૫.૦૭.૨૦૧૯ થી તા. ૨૪.૦૭.૨૦૨૦ ના સમયગાળા દરમ્યાન પ્રતિવાદીઓ એ વાદીઓને રૂા. ૭૯૦૨૭/- માસિક લીઝ ફી સર્વિસ ટેક્ષ વગર ચુકવી આપવાની રહેશે. જો પ્રતિવાદીઓ ઉપરોકત મુજબ ની શરતો નું પાલન કરવામાં તેમજ સમયસર લીઝ ફી ચુકવવામાં નિષ્ફળ જાય તો એક મહિના ના ૧.૫ ટકા વ્યાજ સહિત રકમ પ્રતિવાદીઓ એ વાદીઓ ને ચુકવી આપવી પડશે. સદર કરાર એ સાત વર્ષ માટે કરવામાં આવેલ કરાર હતો. સદર કરાર એ સબ-રજીસ્ટ્રાર ની કચેરી માં રજીસ્ટર્ડ કરવામાં આવેલ હતો જેથી સદર કરાર ને નહિં માનવાને કોઇ કારણ ઉપસ્થિત થતું નથી. વધુ માં સદર કરાર બાબતે પ્રતિવાદીઓએ કોઇ તેમના જવાબ માં વાંધો કે તકરાર ઉઠાવેલ નથી જેથી હાલ ના દાવા ના કામે આંક : ૪૭ થી રજુ લીઝ એગ્રીમેન્ટ પુરવાર થયેલો માનવામાં આવે છે અને સદર કરાર પુરવાર થયેલો ગણવામાં આવે છે. વધુ માં આંક : ૪૮ થી રજુ સપ્લીમેન્ટરી લીઝ એગ્રીમેન્ટ વંચાણે લેવામાં આવે તો સદર કરાર પણ દાવાના પક્ષકારો વચ્ચે જ થયેલ છે. અને સદર કરાર ને પ્રતિવાદીઓ દ્વારા પડકારવામાં આવેલ નથી. જેથી સદર કરાર પણ હાલ ના દાવા ના કામે પુરવાર થયેલો ગણાય. સદર કરાર વંચાણે લેવામાં આવે તો તેમાં લીઝ ફી માં અનુક્રમે રૂા. ૧૫૨૨૫૦/-, ૧૭૦૫૨૦/- અને ૧૯૦૯૮૨/- નો સુધારો કરવામાં આવેલ છે જે બંને પક્ષકારો ને માન્ય રહેશે તેવો સુધારા કરાર કરવામાં આવેલ છે જે કરાર ને હાલ ના દાવા ના કામે પ્રતિવાદીઓ દ્વારા પડકારવામાં આવેલ નથી. પ્રતિવાદીઓ દ્વારા તેમના જ દાવા ના જવાબ માં એ હકીકતો નો સ્વીકાર કરવામાં આવેલ છે કે તેમના દ્વારા વાદીઓ ને આપવામાં આવેલા ત્રણ ચેકો બાઉન્સ થયેલા છે અને સદર ચેકો ની રકમ વાદીઓ ને મળેલ નથી. વધુમાં પ્રતિવાદીઓ

દ્વારા એ હકીકતો નો સ્વીકાર કરવામાં આવેલ છે કે વાદીઓ દ્વારા તેમની મશીનરી ડીસમેન્ટલ કરી દેવામાં આવેલ છે અને સદર મશીનરીને પહોંચાડવામાં આવેલ નુકશાન જો વાદીઓ પ્રતિવાદીઓ ને આપી દે તો પ્રતિવાદીઓ વાદીઓ ને આપવાના પેન્ડીંગ ડયુઝ આપવા માટે તૈયાર છે જેનો સ્પષ્ટ સ્વીકાર દાવા ના જવાબ માં કરવામાં આવેલ છે. પ્રતિવાદીઓ હાલ ના દાવાના કામે તેમની મશીનરી ના પ્રોટેકશન માટે નામદાર ગુજરાત હાઈકોર્ટ માં રીટ દાખલ કરી નામદાર ગુજરાત હાઈકોર્ટ નો હુકમ મેળવેલ છે જે હકીકત થી પણ સદર બાબત સંપૂર્ણ પણે પુરવાર થયા છે કે વાદીઓ અને પ્રતિવાદીઓ વચ્ચે કરાર થયેલ છે તેમજ વાદીઓ ની જમીન માં પ્રતિવાદીઓ ની મશીનરીઓ પણ આવેલ છે અને પ્રતિવાદીઓ દ્વારા કરાર મુજબ ની કોઈ લીઝ ફી વાદીઓ ને ચુકવવામાં આવેલ નથી અને પ્રતિવાદી નં : ૦૧ થી ૦૩ નાઓ લીઝ એગ્રીમેન્ટ ની સમજુતીઓ અને શરતો નું પાલન કરવામાં સદંતર્પણે નિષ્ફળ નીવડેલ છે જે હકીકત સ્પષ્ટપણે સાબિત થાય છે. જેથી મુદ્દા નંબર : ૦૧ નો જવાબ હકાર માં આપવામાં આવે છે.

**<u>૦૬. મુદ્દા નંબર : ૦૨ :-</u> શું વાદીઓ પુરવાર કરે છે કે, મોજે ફણસવાડા, તા.જી.વલસાડ માં આવેલ બ્લોક/સર્વે નંબર : ૬૯૧ વાળી મિલકત સરકાર શ્રી દ્વારા વડોદરા-મુંબઈ-વે ના હેતુ માટે સંપાદિત જાહેર થયેલ છે ?**

મુદ્દા નંબર : ૦૨ નો જવાબ હકારમાં આપવામાં આવે છે. કારણ કે આંક : ૩૧ થી રજુ ગેઝેટ ની ફોટો કોપી વંચાણે લેવામાં આવે તો તેમાં બ્લોક સર્વે નંબર : ૬૪૦ વાળી જમીન કે જે નરેશભાઈ ગોવિંદજી, રમીલાબેન ગોવિંદજી, રેખાબેન ગોવિંદજી તેમજ જયાબેન ગોવિંદજી ના નામે ચાલી આવેલ છે જે જમીન સરકાર શ્રી દ્વારા સંપાદન કરવામાં આવેલ છે જે હકીકત સ્પષ્ટપણે સાબિત થાય છે. જેથી દાવાવાળી જમીન એ સરકાર શ્રી દ્વારા સંપાદન કરવામાં આવેલ જ જમીન છે જે હકીકત રજુ રેકર્ડ ઉપર ના પુરાવાઓ થી સ્પષ્ટપણે સાબિત થાય છે.

**<u>૦૭. મુદ્દા નંબર : ૦૩ :-</u> શું વાદીઓ પુરવાર કરે છે કે, ઉપરોકત મિલકત સરકાર શ્રી દ્વારા સંપાદિત થતાં સરકાર શ્રી દ્વારા જમીન સંપાદનનું વળતર રૂા. ૪૯,૨૪,૮૦૦/-તથા જમીનમાં ઉભેલા વૃક્ષોની વળતર ની રકમ રૂા. ૩,૯૨,૨૬૨/- જાહેર થયેલ તે કુલ રકમ**

**રૂા. ૫૩૧૭૦૬૨/- પ્રતિવાદીએ ગેરકાયદેસર રીતે વાદીને ઠગીને આટોપી પાડેલ છે ?**

મુદ્દા નંબર : ૦૩ નો જવાબ પણ હકાર માં આપવામાં આવે છે કારણ કે હાલ ના દાવા ના કામે વાદી ના સાહેદ આનંદકુમાર આર ચૌહાણ ની આંક : ૨૮ ની જુબાની જો વંચાણે લેવામાં આવે તો તેઓ તેમની જુબાની માં એ હકીકત જણાવી ગયા છે કે પ્રતિવાદીને જમીન સંપાદન પેટે રૂા. ૪૯૨૪૮૦૦/- ની રકમ સરકાર શ્રી તરફ થી મળી ગયેલ છે અને ઉભેલ વૃક્ષો ના વળતર ની રકમ રૂા. ૭,૮૪,૫૨૪/- પણ પ્રતિવાદીને ચુકવાઇ ગયેલ છે તેમજ સદર હકીકત ના સમર્થન માં આંક : ૩૨ થી જમીન સંપાદન ના વળતર ની રકમ બાબતે મોકલવામાં આવેલ નોટીશ રજુ રાખવામાં આવેલ છે તેમજ ઉભેલ વૃક્ષો ના વળતર ની રકમ ચુકવાઇ ગયેલ છે તેની પહોંચ આંક : ૩૮ થી રજુ રાખવામાં આવેલ છે. આમ, પ્રતિવાદીઓ હ્વારા હાલ ના દાવા ના કામે હાજર રહી ઉપરોકત જણાવેલ હકીકતો બાબતે કોઇ વાંધો કે તકરાર નોંધાવેલ નથી જેથી ઉપરોકત તમામ હકીકતો હાલ ના દાવા ના કામે સાબિત થયેલ હકીકતો હોય સદર રકમ પ્રતિવાદીને સરકાર શ્રી હ્વારા ચુકવાઇ ગયેલ હોય અને સદર રકમ પ્રતિવાદી હ્વારા એકલા હાથે આટોપી લીધેલ હોય અને વાદીઓ ને તેમના હિસ્સાની રકમ ચુકવી આપેલ ન હોય વાદીઓ ને તેમના હિસ્સાની રકમ મળેલ નથી તે હકીકત સ્પષ્ટપણે સાબિત થાય છે અને પ્રતિવાદીઓ હ્વારા સંપૂર્ણ રકમ પોતે લઇ લીધેલ હોય તે હકીકત પણ સાબિત થાય છે.

**<u>૦૮.</u> <u>મુદ્દા નંબર : ૦૪ :-</u> શું વાદીઓ વળતર ની રકમમાં ૭૫ ટકા હિસ્સેદાર થાય છે ?**

મુદ્દા નંબર : ૦૪ નો જવાબ હકાર માં આપવામાં આવે છે કારણ કે આંક : ૩૬ વાળો સંમતિ કરાર જો વંચાણે લેવામાં આવે તો તેમાં વાદીઓ હ્વારા પ્રતિવાદી ને સંમતી આપવામાં આવેલ છે કે જમીન સંપાદન ના કામે સરકાર શ્રી હ્વારા નકકી કરવામાં આવેલ જમીન સંપાદન વળતર ની તમામ રકમ સંમતી આપનાર પક્ષકારો વતી સંમતી લેનાર પક્ષકાર ને આપવામાં આવે તો સંમતી આપનાર પક્ષકારો ને કોઇપણ પ્રકાર નો વાંધો કે તકરાર નથી અને ભવિષ્યમાં પણ કોઇ વાંધો કે તકરાર નથી તેમજ જમીન સંપાદન વળતર અંગેનો ચેક, ડીમાન્ડ ડ્રાફટ ફકત અને ફકત સંમતી લેનાર ના બેંક એકાઉન્ટ ખાતામાં જમા કરવામાં આવે તો પણ સંમતી આપનાર પક્ષકારોએ અધિકૃત કરેલ હોય વાંધો કે તકરાર નથી અને ભવિષ્ય માં પણ વાંધો કે તકરાર ઉઠાવવાની નથી. આમ, વાદીઓ એ

વહીવટી સરળતા ખાતર પ્રતિવાદી ને જમીન સંપાદન ની સરકાર શ્રી માંથી મળવાપાત્ર રકમ ઉપાડવા માટે માત્ર સંમતિ આપવામાં આવેલ હતી નહિં કે તમામ નાણાં પોતે પોતાની પાસે રાખી વાદીઓ ને કાયદેસર રીતે મળવાપાત્ર તેમના હિસ્સા ની રકમ નહિં આપવા માટે ની. આમ, વાદીઓ તેમના હિસ્સાની રકમ જમીન સંપાદન માં ગયેલ વળતર ની રકમ માંથી પોતાનો હિસ્સો મેળવવા માટે હકકદાર છે. વાદીઓ અને પ્રતિવાદી એ સગા ભાઈ બહેન થાય છે. સંપાદન માં ગયેલ જમીન ના રેવન્યુ રેકર્ડ વંચાણે લેવામાં આવે તો તેમાં વાદીઓ તેમજ પ્રતિવાદી ના નામો ચાલી આવેલ છે. જેથી વાદીઓ નો સંપાદન માં ગયેલ જમીન ના વળતર ની રકમ માં ૭૫% હિસ્સો સમાયેલો છે. જે હકીકત હાલ ના દાવા ના કામે રજુ રેકર્ડ ઉપર ના પુરાવાઓ થી સ્પષ્ટપણે ફલિત થાય છે.

**<u>૦૯. મુદ્દા નંબર : ૦૫ :-</u> શું વાદીઓ પુરવાર કરે છે કે, વાદીઓના વળતર ના ૭૫ ટકા રકમ ઉપર વાદીઓ વ્યાજ મેળવવા હકકદાર છે જો હોય તો કેટલા ટકા વ્યાજ ?**

વાદીઓ હાલ ના દાવા ના કામે જમીન સંપાદનમાં ગયેલ તેના વળતર પર પ્રતિવાદી ના ખાતા માં જે તારીખે રકમ જમા થઈ તે તારીખ થી વસુલ થતાં સુધી વાર્ષિક ૦૬% ટકા ના દરે તેમના હિસ્સાની રકમ ઉપર વ્યાજ મેળવવા માટે હકકદાર છે જેથી મુદ્દા નંબર : ૦૫ નો જવાબ અશંત: હકાર માં આપવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>૧૦. મુદ્દા નંબર : ૦૬ :-</u> શું વાદીઓ માંગેલી દાદ મેળવવા હકકદાર છે ?**

હાલ ના દાવા ના કામે વાદીઓ માંગ્યા મુજબ ની દાદ મેળવવા માટે હકકદાર છે કારણ કે અગાઉ કરી ગયેલ ચર્ચા મુજબ મુદ્દા નંબર : ૦૧ થી ૦૫ હકારમાં આપવામાં આવેલ હોય તેમજ વાદીઓ દ્વારા હાલ ના દાવા ના કામે દાવા અરજી મુજબ ની તમામ હકીકતો દસ્તાવેજી પુરાવાઓ થી પુરવાર કરેલ હોય વાદીઓ હાલ ના દાવા ના કામે માંગ્યા મુજબ ની દાદ મેળવવા માટે હકકદાર છે.

**<u>૧૧. મુદ્દા નંબર : ૦૭ :-</u> શું દાવાને હકુમત નો કોઈ બાધ નડે છે ?**

મુદ્દા નંબર : ૦૭ નો જવાબ નકારમાં આપવામાં આવે છે કારણ કે હાલ ના દાવા નો કોઈ હકુમત નો બાધ નડતો નથી. તકરારી જમીન વલસાડ માં આવેલ છે તેમજ જમીન

સંપાદન ની રકમ પણ વલસાડ મુકામે થી જ ચુકવવામાં આવેલ છે. વલસાડ - મુંબઇ હાઈવે અંર્તગત વલસાડ ખાતે આવેલ જમીન સરકાર શ્રી દ્વારા સંપાદન કરવામાં આવેલ છે. જેથી હાલ ના દાવો ચલાવવાની હકુમત અત્રે ની અદાલત ને છે.

**<u>૧૨. મુદ્દા નંબર : ૦૮ :-</u> શું દાવો સમયમર્યાદા માં થયેલ છે ?**

હાલ નો દાવો સમય મર્યાદામાં જ દાખલ કરવામાં આવેલ છે. કારણ કે નાણાં ની ચુકવણી તા. ૦૧.૧૧.૨૦૨૧ ના રોજ કરવામાં આવેલ છે અને હાલ નો દાવો સને ૨૦૨૩ માં દાખલ કરી દેવામાં આવેલ છે જેથી હાલ ના દાવા ને કોઈ સમય મર્યાદાનો બાધ નડતો નથી. જેથી મુદ્દા નંબર : ૦૮ નો જવાબ હકાર માં આપી મુદ્દા નંબર : ૦૯ અન્વયે નીચે મુજબ નો આખરી હુકમ કરવામાં આવે છે.

## આખરી હુકમ

**૦૧. વાદીઓ નો દાવો અશંતઃ મંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.**

**૦૨. પ્રતિવાદી નરેશભાઇ ગોવિંદજી પટેલ ઉર્ફે બારોટ નાઓ ને આથી આદેશ આપવામાં આવે છે કે જમીન સંપાદન વળતર ની રકમ અને ઉભા વૃક્ષોના વળતર ની રકમ માંથી વાદીઓ નો તમોને મળેલ કુલ રકમ માંથી ૭૫%ટકા હિસ્સો (દરેક વાદી નો ૨૫% ટકા હિસ્સો) એટલે કે કુલ્લે રૂા. ૩૯૮૭૭૯૬/-(૭૫%ટકા રકમ) ત્રણેય વાદીઓ ને સરખે હિસ્સે તમારા ખાતા માં સરકાર શ્રી દ્વારા જમા આપવામાં આવેલ રકમ ની તારીખ થી વસુલ ન થાય ત્યાં સુધી વાર્ષિક ૦૬% ટકા ના વ્યાજ સહિત ચુકવી આપવા.**

**૦૩. ખર્ચ સંબધિત કોઇ હુકમ કરવામાં આવતો નથી.**

**૦૪. હુકમ મુજબ હુકમનામું દોરવું.**

**હુકમ આજ રોજ તારીખ : ૨૧.૧૧.૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

તારીખ : ૨૧.૧૧.૨૦૨૪
વલસાડ.

**(ભાર્ગવ વસંતકુમાર વ્યાસ)**
અધિક સીનીયર સીવીલ જજ,
વલસાડ. કોડ નં : જીજે. ૦૧૧૦૦.